iRf

# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર
અંક - ૮૭ : જાન્યુઆરી-માર્ચ ૨૦૨૪

## તંત્રીસ્થાનેથી . . .

**પ્રિય મિત્રો,**

નમસ્કાર !

આપ સૌને જણાવતા ખૂબ જ ખુશી થાય છે કે આપણી સંસ્થા ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનએ ૧૫ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ ૨૨ વર્ષ પૂર્ણ કરીને ૨૩ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. અમારા માટે આ સમયગાળો ખૂબ જ મહત્વપૂર્ણ રહ્યો છે અને આ સમય દરમિયાન અમે સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા વિવિધ કાર્યક્રમો થકી કિડનીના ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરી છે. સંસ્થાએ ગુજરાત રાજ્યના લગભગ દરેક જિલ્લા અને તાલુકા લેવલે પોતાની પ્રવૃત્તિઓનો વ્યાપ વધાર્યો છે. સંસ્થા દ્વારા આયોજિત થતાં કિડની જાગૃતિ કાર્યક્રમો અને નિદાન કેમ્પો દ્વારા છેવાડાના માનવીને કિડની વિષે જાગૃત કરીને આ અસાધ્ય રોગને આગળ વધતો અટકાવવાનું મહત્વપૂર્ણ કામ કર્યું છે.

International Federation of Kidney Foundation (IFKF) અને International Society of Nephrology (ISN) ના સંયુક્ત ઉપક્રમે માર્ચ મહિનાનો બીજો ગુરુવાર એ સમગ્ર વિશ્વમાં 'વિશ્વ કિડની દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. જેમાં દર વર્ષે એક વિશેષ થીમ દ્વારા સમાજમાં કિડનીના રોગ વિષેનો સંદેશ આપવામાં આવતો હોય છે. વર્ષ ૨૦૨૪ ની થીમ હતી Kidney Health For All- Advancing equitable access to care and optimal medication practice. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ કિડની જેવા મૂલ્યવાન અંગનું મહત્વ અને તેના રોગ પ્રત્યે જાગૃતતા લાવવાનો છે.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા 'વિશ્વ કિડની દિવસ' ના આ હેતુને સાર્થક કરવા અમારા દરેક ચેપ્ટરમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેની વિગતે માહિતી આ અંકમાં આગળ આપેલ છે. આ ત્રિમાસિક સમયગાળા દરમિયાન સંસ્થા દ્વારા કુલ ૧૩૧ કિડની જાગૃતિ કાર્યક્રમો અને ૮૫ બ્લડપ્રેશર અને ડાયાબિટીસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

હિંમતનગર સ્થિત ક્રિષ્ના સાર્વજનિક હોસ્પિટલમાં સંસ્થા દ્વારા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંતર્ગત સંચાલિત હિમોડાયાલિસીસ યુનિટમાં સારવાર અર્થે આવતા કિડનીના દર્દીઓને ભારત સરકારની 'આયુષ્યમાન ભારત' યોજના હેઠળ નિયમિત ગુણવત્તાસભર હિમોડાયાલિસીસની સારવાર આપવામાં આવી રહી છે. આ ઉપરાંત આ જ કાર્યક્રમ અંતર્ગત ૫૫ જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને સારવાર અને દવાઓ માટે કુલ રૂ. ૨,૨૬,૮૫૮ ની સહાય કરવામાં આવી હતી.

'પ્રેરણા' આ કાર્યક્રમ સંસ્થાના દરેક ચેપ્ટરમાં કિડનીના દર્દીઓના પુનઃર્વસન માટે ચલાવવામાં આવી રહ્યો છે જે અંતર્ગત કિડનીના દર્દીમિત્રો માટે વિવિધ પ્રેરણાત્મક, મનોરંજક અને એજ્યુકેશનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જાન્યુઆરી થી માર્ચ ૨૦૨૪ દરમિયાન કરેલ પ્રેરણા કાર્યક્રમોનો ઉલ્લેખ આ અંકમાં આગળ કરવામાં આવ્યો છે.

અમારી સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યશ્રીઓ રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ દ્વારા રૂ. ૧,૫૦,૦૦૦/– અને શ્રી હેમંતભાઈ શાહ (ટ્રસ્ટીશ્રી, નવપ્રકાશ ચેરીટીઝ) દ્વારા ૪૨૩ હિમોડાયાલાઈઝર કિટનું દાન 'સેવ અ લાઈફ' કાર્યક્રમ માટે પ્રાપ્ત થયું છે તેમજ શ્રીમતી મેઘા વૈદ્ય (ડાઈરેક્ટર, કોનકોર્ડ બાયોટેક લિમિટેડ) દ્વારા કિડની, બ્લડપ્રેશર અને ડાયાબિટીસ વિષે માહિતી આપતી પુસ્તિકાઓ પ્રિન્ટ કરવા માટે સંપૂર્ણ મદદ કરવામાં આવી છે. હું તમામ પરોપકારી દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

**શુભેચ્છાઓ સહ,**

ત્રિલોકભાઈ પરીખ
ચેરમેન

**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

**અમદાવાદ ચેપ્ટર**

૧. શ્રીમતી પ્રીતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાંતભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના
૧૩. શ્રી જયંતિભાઈ સંઘવી
૧૪. શ્રી જગતભાઈ કિનખાબવાલા

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી જાલ પટેલ
૫. શ્રી યોગેશભાઈ વેલાણી
૬. શ્રી મધુભાઈ મહેતા
૭. શ્રી કુંજલભાઈ પટેલ
૮. શ્રી રોહિતભાઈ પરીખ
૯. શ્રી નિલેશભાઈ શુકલા

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડૉ. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડૉ. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદિપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જીજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડૉ. પ્રદીપભાઈ અટોદરિયા

# જાગૃતિ કાર્યક્રમ : (Prevention Through Awareness Programme)

## કિડની જાગૃતિ કાર્યક્રમોની એક ઝલક




જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ




મંગળ પ્રભાત સોસાયટી, વાડજ, અમદાવાદ




ગામ. બદપુરા, જી. ગાંધીનગર




એમ.એસ.ડબલ્યુ. કોલેજ, પાટણ, મહેસાણા




એમ.જે કુંડલિયા કૉલેજ, રાજકોટ




ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગર



આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, આણંદ



મહિલા આઈ.ટી.આઈ., સુરત

# બીપી, ડાયાબિટીસ અને કિડની નિદાન કેમ્પ




બૂટ ભવાની મંદિર, વેજલપુર, અમદાવાદ




દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવ, ગાંધીનગર



ગામ. નેનપુર, તા. મહેમદાવાદ, જી. ખેડા




ગિરનાર સોની સમાજ વાડી, જામનગર




લોક વિકાસ સંસ્થા, હજીરા, સુરત



સ્વામિનારાયણ મંદિર , ભાવનગર




ગામ. ગણેશપુરા, જી. મહેસાણા




ગામ. મારેઠા, જી. વડોદરા

# વિશ્વ કિડની દિવસ

દર વર્ષે માર્ચ મહિનાનો બીજો ગુરુવાર સમગ્ર વિશ્વમાં 'વિશ્વ કિડની દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
'વિશ્વ કિડની દિવસ' એ ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ નેફ્રોલોજી (ISN) અને ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ કિડની ફાઉન્ડેશન – વર્લ્ડ કિડની એલાયન્સ (IFKF-WKA)ની સંયુક્ત પહેલ છે.
આ દિવસે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા પણ સંસ્થાના દરેક ચેપ્ટર ખાતે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

## અમદાવાદ

વિશ્વ કિડની દિવસ ની ઉજવણીના ભાગરૂપે ૧૪ માર્ચ ૨૦૨૪, ગુરુવારના રોજ વિશ્વ કિડની દિવસે શ્રી ૐ કારેશ્વર મહાદેવ મંદિર, જોધપુર ગામ, અમદાવાદ ખાતે જે .જી. ઈન્ટરનેશનલ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓના સહયોગથી  કિડની જાગૃતિ પોસ્ટર પ્રદર્શન, બીપી, ડાયાબિટીસ અને કિડની તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ દર્શનાર્થે આવતા દરેક નાગરિકોને પોસ્ટર દ્વારા કિડનીના રોગ વિશે જાગૃત કરીને કિડની જેવા મહત્વના અંગને નુકસાન કરતાં બ્લડપ્રેશર અને ડાયાબિટીસ જેવા રોગની સ્થળ ઉપર જ તપાસ કરવામાં આવી હતી અને જરૂર જણાતા દર્દીઓને બંને રોગની સારવાર માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.




કિડની દિવસની ઉજવણીમાં ભાગ લેતા વિદ્યાર્થીઓ અને વૉલનટીયર્સ




શ્રી ૐ કારેશ્વર મહાદેવ મંદિર ખાતે બીપી, ડાયાબિટીસ અને કિડની તપાસ કેમ્પ

આ દિવસની ઉજવણીના અનુસંધાનમાં સરકારી પોલીટેકનિક કોલેજ, આંબાવાડી, અમદાવાદ ખાતેના કેમ્પસમાં ફરજ બજાવતા દરેક અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓ માટે કિડની જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના સિનિયર અને ખ્યાતનામ યુરોલોજીસ્ટ ડો. હિમાંશુભાઈ શાહ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને કિડની અને કિડનીની પથરી વિષય પર વિસ્તૃત માહિતી આપી હતી. આ સેમિનારમાં સંસ્થાની સ્થાનિક સલાહકાર સમિતિના સક્રિય સભ્ય શ્રી ભરતભાઈ મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.




કાર્યક્રમના મુખ્ય વક્તા ડો. હિમાંશુ શાહ, કોલેજના પ્રિન્સિપાલ શ્રી ભાસ્કર જે. ઐય્યર અને શ્રી ભરતભાઇ મોદી.



ગવર્નમેન્ટ પોલિટેકનિક કોલેજ, આંબાવાડીના ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને કિડની વિષે જાગૃત કરતાં ડો. હિમાંશુ શાહ (યુરોલોજીસ્ટ)

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો હિમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાન્તભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહભાઈ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ એન. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એમ.પટેલ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ગીર–સોમનાથ  ચેપ્ટર

૧. શ્રી પ્રવીણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી સુરેશભાઈ કંપાણી
૭. શ્રી ગીરીશભાઈ ઠક્કર
૮. ડો. શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડયા
૧૦. શ્રી અરુણકુમાર શર્મા

અન્ય એક કાર્યક્રમ વિશ્વ કિડની દિવસ ના હેતુને સાર્થક કરવા અને આવનારી નવી તબીબોની પેઢીને કિડનીના ક્ષેત્રમાં આવેલા નવા અપડેટ તેમજ નિદાન દ્વારા રોગની વહેલી ઓળખ અને ઉત્તમ સારવાર વિષે માહિતગાર કરવા માટે GMERS મેડિકલ કોલેજ, સોલા ખાતે એક વિશેષ સેમિનારનું આયોજન તા. ૧૫ માર્ચ ૨૦૨૪, શુક્રવારના રોજ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું. આ સેમિનારમાં જાણીતા કિડનીના નિષ્ણાંત ડો. સિદ્ધાર્થ માવાણીને (નેફ્રોલોજીસ્ટ) આમંત્રિત કરવામાં આવ્યા હતા જેમણે મેડિકલનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉપરોક્ત વિષયમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત સમજ માહિતી આપી હતી.





GMERS મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને સંબોધતા ડો. સિદ્ધાર્થ માવાણી ( નેફ્રોલોજીસ્ટ)

## ભાવનગર

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, ભાવનગર અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે વિશ્વ કિડની દિવસ–૨૦૨૩ નિમિત્તે વિવિધ કાર્યક્રમો થયા હતા. જેમાં તેજસ્વી સ્કૂલના વિદ્યાર્થીઓના સહયોગથી કિડની જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી ભાવનગરના મુખ્ય માર્ગો ઉપર ફરી હતી જેમાં સૂત્રો અને જાગૃતિ પોસ્ટર દ્વારા શહેરના લોકોને કિડની જાગૃતિ અંગેનો સંદેશ પાઠવવામાં આવ્યો હતો. તથા વિદ્યાર્થીઓ માટે કિડની વિષયક ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ ઉપરોક્ત બંને કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.




કિડની જાગૃતિ રેલી, ભાવનગર




ચિત્ર સ્પર્ધામાં ભાગ લેતા વિદ્યાર્થીઓ

આ ઉપરાંત આ વિશેષ દિવસે જિલ્લા શિક્ષણ તાલીમ ભવન (DIET), ભાવનગર ખાતે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા શિક્ષકશ્રીઓ માટે કિડની જાગૃતિ સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં સંસ્થાની ભાવનગર ચેપ્ટરની સ્થાનિક સલાહકાર સમિતિના સક્રિય સભ્ય શ્રી સુમિતભાઈ ઠક્કર તથા DIET ના સક્રિય મેમ્બર શ્રી મહેશભાઈ ચુડાસમા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, ભાવનગર

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઈ બી. પટેલ
૫. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૬. ડો. શ્રી પી. ડી. પટેલ
૭. શ્રી સંદીપભાઈ શેઠ

## રાજકોટ

તારીખ ૧૪ માર્ચના રોજ ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન રાજકોટ ચેપ્ટર દ્વારા ગવર્મેન્ટ નર્સિંગ કૉલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે કિડની જાગૃતિ સેમિનારનું આયોજન થયું હતું. રાજકોટ શહેરના નામાંકિત કિડની નિષ્ણાત ડો. ડેનિશ સાવલિયા (નેફ્રોલોજીસ્ટ) આ સેમિનારના મુખ્ય વક્તા રહયા હતા જેમના દ્વારા કિડની વિશે માહિતી આપવામાં આવી હતી. ડો. સાવલિયાએ આ વિદ્યાર્થીઓને કિડનીના રોગની વહેલી ઓળખ અને સારવારના વિવિધ વિકલ્પ વિષે ઊંડાણપૂર્વકની સમજ આપી હતી.





ડો. ડેનિશ સાવલિયાનો પરિચય આપતા કોલેજના પ્રિન્સિપાલ શ્રીમતી જયાબેન ઘોડાસર અને વિદ્યાર્થીમિત્રો

એસ.આર.પી.એફ. ગ્રુપ ૧૩, રાજકોટ ખાતે ફરજ બજાવતા પોલીસ જવાનો માટે વિશ્વ કિડની દિવસને ધ્યાનમાં રાખીને એક વિશેષ કિડની જાગૃતિ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ગ્રૂપના વડા શ્રી સુધા એસ. પાંડે (IPS, કમાન્ડન્ટ– SRPF, ગ્રુપ–૧૩, રાજકોટ, ગુજરાત), મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહયા હતા અને તેમણે સંસ્થા દ્વારા કિડની વિષે સમાજમાં જાગૃતિ લાવવાના અભિયાનની પ્રસંશા કરી હતી. આ સમગ્ર કાર્યક્રમ શ્રી એસ.ડી. ગોહિલ (ડી.વાય.એસ.પી.) અને શ્રી એ.એન. બારડ (ડી.વાય.એસ.પી.) નાં માર્ગદર્શન હેઠળ કરવામા આવ્યો હતો.




કિડની રોગ વિશે માહિતી મેળવતા એસ.આર.પી.એફના જવાનો

## મહેસાણા

સંસ્થાના મહેસાણા ચેપ્ટર દ્વારા વિશ્વ કિડની દિવસ નિમિત્તે એગ્રીકલ્ચર યુનિવર્સિટી, દાંતીવાડા, જી. બનાસકાંઠા ખાતે ફેકલ્ટી તેમજ વિદ્યાર્થીઓ માટે કિડની જાગૃતિ સેમિનાર તેમજ બીપી, ડાયાબિટીસ અને કીડની તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સિનિયર તબીબ ડો. જયેશ મોદીએ (યુરોલોજિસ્ટ) કિડની અને કિડનીને લગતા રોગો વિષે શ્રોતાઓને માહિતગાર કર્યા હતા.




સરદાર કૃષિનગર એગ્રિકલ્ચર યુનિવર્સિટી, દાંતીવાડા ખાતે સંબોધન આપતા ડો. જયેશ મોદી (યુરોલોજીસ્ટ)

આ ચેપ્ટર દ્વારા અન્ય એક સેમિનારનું આયોજન કોલેજ ઓફ હોર્ટિકલ્ચર, જગુદણ, જી. મહેસાણા ખાતે ફરજ બજાવતા અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓ માટે થયું હતું અને તેમાં કિડનીના નિષ્ણાત તબીબ ડો. નીલ પટેલને (નેફ્રોલોજિસ્ટ) આમંત્રિત કરવામાં આવ્યા હતા જેમણે પ્રેઝન્ટેશન દ્વારા કિડની અને તેના રોગ વિષે માહિતી આપી હતી.



શ્રોતાઓને કિડની વિશે માહિતી આપતા ડો. નીલ પટેલ (નેફ્રોલોજીસ્ટ)

## વડોદરા




કિડની જાગૃતિ ભવાઇ

એમ. એસ યુનિવર્સિટીમાં ફેકલ્ટી ઓફ સોશિયલ વર્ક વિભાગના NGO મેળામાં શ્રી આચાંશભાઈ અને તેમની ટીમ દ્વારા કિડની જાગૃતિ ભવાઇ કરીને વડોદરા ચેપ્ટર ખાતે વિશ્વ કિડની દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ટીમ દ્વારા પોતાની આગવી શૈલીમાં ભવાઇ થકી કિડની અને કિડનીના રોગો અંગે જાગૃતિ લાવવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ જાગૃતિ ભવાઇ કાર્યક્રમમાં ફેકલ્ટી ઓફ સોશિયલ વર્કના અધ્યાપકો, વિદ્યાર્થીઓ તેમજ શહેરની વિવિધ સંસ્થામાંથી આવેલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

વધુ એક સેમિનાર આ દિવસની ઉજવણીના ભાગરૂપે તારીખ ૩૦ માર્ચ ૨૦૨૪ના રોજ ઇન્ડીયા રીનલ ફાઉન્ડેશન અને સિગ્મા યુનિવર્સિટિના સયુંક્ત ઉપક્રમે સિગ્મા નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ માટે આયોજીત કરવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય વક્તા તરીકે વડોદરાના નામાંકિત નેફ્રોલોજીસ્ટ ડો. હર્ષલ જોષી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કિડની અને કિડનીના રોગો તેમજ બ્રેઇન ડેથ સમયે કરવામાં આવતા કેડેવર ઓર્ગન ડોનેશન વિષે ખૂબ સરળ ભાષામાં સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં નર્સિંગ કોલેજના પ્રિસિપાલ શ્રીમતી રશ્મિબેન તથા સોશિયલ વર્ક ફેકલ્ટીના હેડ શ્રી જગદીશભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.



શ્રીમતી રશ્મિબેન, શ્રી જગદીશભાઇ તથા વિદ્યાર્થીમિત્રો



શ્રોતાઓને માહિતગાર કરતાં ડો. હર્ષલ જોશી (નેફ્રોલોજીસ્ટ)

## સુરત

સંસ્થાના સુરત ચેપ્ટરમાં આ વિશેષ દિવસે એ.એન લોખાત એન્ડ ડો. એ.એમ મુલ્લાં સાર્વજનિક હોસ્પટલમાં પેરામેડિકલનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે કિડની જાગૃતિ સેમિનારનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં સુરત શહેરના જાણીતા કિડનીના નિષ્ણાત તબીબ ડો. દીપક તમાકુવાલા (નેફ્રોલોજીસ્ટ) અમારા આમંત્રણને માન આપીને ઉપસ્થિત રહયા હતા અને કિડની વિશે માહિતી આપી હતી.



પેરામેડિકલ વિદ્યાર્થીઓને માહિતગાર કરતાં ડો. દિપક તમાકુવાલા (નેફ્રોલોજીસ્ટ)

# "પ્રેરણા એટલે હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા કિડનીના દર્દી મિત્રોને આનંદપૂર્વક જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરતુ એક વિશિષ્ટ સંગઠન"

## અમદાવાદ

ડાયાલિસીસ અને કિડની પ્રત્યારોપણ કરાવેલ કિડનીના દર્દી મિત્રોને ખોરાકમાં રાખવી પડતી કાળજી વિષે વિસ્તૃત માહિતી આપવા માટે ૩૦ માર્ચ, શનિવારના રોજ સદવિચાર પરિવાર ખાતે પ્રેરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડો. ચાર્મી શાહ (ડાયાટિશિયન) દ્વારા કિડનીના દર્દીઓને ખોરાકમાં રાખવી પડતી પરેજી વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત સમજ આપવામાં આવી હતી અને દર્દી મિત્રોને સારવાર દરમિયાન ખોરાક વિશે મુંઝવતા પ્રશ્નોનું સમાધાન કર્યું હતું.




પ્રેરણા કાર્યક્રમ, અમદાવાદ




પ્રેરણા મિત્રોને સંબોધતા ડો. ચાર્મી શાહ

## વડોદરા

વડોદરા શહેરમાં પ્રેરણા મિત્રો માટે આજવા–નિમેટા ખાતે એકદિવસીય પ્રવાસનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૫ પ્રેરણા સભ્યોએ પ્રવાસનો આનંદ માણ્યો હતો. E–TECH Company દ્વારા વેફર અને છાશનું બોક્ષ આપીને આ પ્રવાસનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ નિમેટા ગાર્ડનમાં સૌએ પોતાનો પરિચય આપીને ડાયાલીસીસ અને ટ્રાન્સપ્લાન્ટ અંગેના પોતાના અનુભવો રજૂ કર્યા હતા. વર્ષોથી સંસ્થા દ્વારા આયોજિત થતાં પ્રેરણા કાર્યક્રમનો લાભ લેતા પ્રેરણામિત્ર શ્રી ભાસ્કરભાઇ પટેલ જેઓ ૨૨ વર્ષથી રેગ્યુલર ડાયાલીસીસ કરાવે છે અને સ્વસ્થ જીવન જીવી રહ્યા છે તેમણે પોતાના સુખ–દુ:ખના અનુભવો વિશે વાત કરી સૌને જીવન જીવવા માટે હિમ્મત આપી હતી. પ્રવાસના સફળ આયોજન માટે E-TECH Company દ્વારા રૂ.૫,૦૦૦/–, શ્રી વિરેન્દ્રગીરી ગોસાઈ તરફથી રૂ. ૫,૦૦૦/– તેમજ J.G.Travel દ્વારા વિના મુલ્યે બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. અમે સૌ દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.




પ્રેરણા પિકનિક, વડોદરા

## મહેસાણા

ઉત્તર ગુજરાતના અમારા મેહસાણા ચેપ્ટર ખાતે પ્રેરણા સભ્યો માટે સંગીત સંધ્યા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં દશથી પણ વધારે કલાકારો ઉપસ્થિત રહીને નવા–જૂના ફિલ્મી અને લોકગીતો ગાઈને પ્રેરણા સભ્યોનું મનોરંજન કર્યું હતું. કાર્યક્રમમાં મહેસાણા ચેપ્ટરની સ્થાનિક સલાહકાર સમિતિના ચેરમેન શ્રી શરદભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહીને પ્રેરણા સભ્યોનો ઉત્સાહ વધારતા કવિતાઓ રજૂ કરી હતી. આ ખાસ પ્રસંગે સિનિયર સિટીઝન કાઉન્સિલના સભ્યોએ હાજરી આપી હતી અને પ્રેરણા સભ્યોને ડાયાલિસીસ સમયે ઘરેથી જમવાનું લઈ જઈ શકે તે માટે દરેક પ્રેરણા સભ્યોને લંચ બોક્ષ આપવામાં આવ્યા હતા. અમે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.




પ્રેરણામિત્રોને સંબોધતા શ્રી શરદભાઈ શાહ




પ્રેરણામિત્રો

## ભાવનગર

ભાવનગર ચેપ્ટર દ્વારા પ્રેરણા કાર્યક્રમ અંતર્ગત ૨૦ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગરના સહયોગથી કિડનીના દર્દીઓને અનાજ કિટ અને ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ માટે અમે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગરના આભારી છીએ.



અનાજ કિટ મેળવતા પ્રેરણા સભ્યો

## Save a life
Sponsoring Renal Treatment

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, વર્ષ ૨૦૦૨ થી કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓને સારવાર માટે આર્થિક સહયોગ કરે છે.

આ ત્રિમાસિક સમયમાં ડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવેલ ઘણા બધા કિડનીના દર્દીઓને આ સહાય પૂરી પાડવામાં આવી. જેમાં હિમોડાયાલિસીસ લેતા ૨૨ દર્દીઓને દર મહિને હિમોડાયાલાઇઝર અને ટ્યુબિંગ આપવામાં આવી. તેમજ ૫૫ કિડની ટ્રાન્સપ્લાન્ટ દર્દીઓને દર મહિને દવાઓ માટે કુલ રૂ. ૨,૨૬,૮૫૮/–ની મદદ કરવામાં આવી હતી.

**આ અંકમાં આપણે વાત સાંભળીશું અમારા વર્ષો જુના પ્રેરણામિત્ર નીતુબેન બોહરાની...**

મારુ નામ નિતુબેન દિલબહાદુર બોહરા છે. મારી ઉંમર ૩૬ વર્ષની છે. મારે ૧૨ અને ૧૫ વર્ષના બે બાળકો છે. મારા પતિ હોટેલમાં નોકરી કરે છે તેમની આવક ખૂબ જ સીમિત છે. અમે ભાડાના મકાનમાં રહીએ છીએ.

વાત છે વર્ષ ૨૦૧૧ની, મારા બીજા સંતાનની પ્રસૂતિ વખતે ખૂબ જ બ્લીડિંગ થવાના કારણે બન્ને કિડની ઉપર ખૂબ જ ગંભીર અસર થઈ અને મારી બંને કિડની ખરાબ થઈ ગઈ ત્યારબાદ મારે હિમોડાયાલિસીસની સારવાર લેવી પડે છે, છેલ્લા ૧૨ વર્ષથી વડોદારના કલાલી વિસ્તારમાં આવેલી રામકૃષ્ણ પરમહંસ હોસ્પિટલમાં મારુ હિમોડાયાલિસીસ ચાલે છે.

માર્ચ ૨૦૨૪માં મારી શરૂઆતમાં બનાવેલ A.V Fistula ફેલ થવાના કારણે મારે બીજી વખત ફિસ્ટુલા કરાવવાની જરૂર પડી. આ માટેના ઓપરેશનનો ખર્ચ ઘણો જ વધારે હોવાથી અમે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનો સંપર્ક કર્યો. આ સંસ્થાના દરેક કાર્યોથી હું પરિચિત છું અને સંસ્થા દ્વારા આયોજિત થતાં પ્રેરણા કાર્યક્રમમાં મારી નિયમિત હાજરી આપું છું. સંસ્થાએ મને ભૂતકાળમાં પણ ઘણી મદદ કરી છે. આ વખતની મારી A.V Fistula સર્જરીનો ખર્ચ જોતાં સંસ્થાએ મને રૂ. ૧૫૦૦૦/–ની મદદ કરી છે અને મારી બીજી ફિસ્ટુલાનું ઓપરેશન સફળતાપૂર્વક થઈ ગયું છે. હવે હું નિયમિતરીતે મારી હિમોડાયાલિસીસની સારવાર લઈ શકું છું. સમયસર મને મદદ કરવા માટે હું ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.



નીતુબેન બોહરા

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ભાવનગર ચેપ્ટર

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનીલભાઈ વડોદરીયા
૩. શ્રી ચેતનભાઈ કામદાર
૪. શ્રી રાજુભાઈ બક્ષી
૫. શ્રી મેહુલભાઈ પટેલ
૬. શ્રી સુમિતભાઈ ઠક્કર

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો રાજકોટ ચેપ્ટર

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. શ્રી સુધીર ભીમાણી
૬. શ્રી કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ પટેલ
૯. શ્રી રજનીભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનીશ આડેસરા

Date 19/03/2024

India, Gujarat, Surat Sachin

## સર્વ રોગ નિદાન કેમ્પ: બ્રહ્માકુમારીસ મોટા વરાછા સુરત દ્વારા ૭ દિવસ આધ્યાત્મિક પ્રદર્શન સાથે હેલ્થ ચેક અપ કર્યા ક્રમનું આયોજન કરવામાં આવ્યું



---

SATURDAY 16.03.2024

CityLife

## ગવર્નમેન્ટ પોલિટેક્નિક કોલેજમાં કિડની અને કિડનીની પથરી વિષય પર સેમિનાર



ગવર્નમેન્ટ પોલિટેક્નિક કોલેજ, પાંજરાપોળ ખાતે કેમ્પસમાક્કરજ બજાવતા તમામ અધ્યાપકો અને કેમેસ્ટ્રી અને બાયોમેડિકલના વિદ્યાર્થીઓ માટે કિડની અને કિડનીની પથરી વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

---

ગુજરાત સમાચાર

## કિડનીના દર્દી માટે મ્યુઝિકલ કાર્યક્રમ



મહેસાણા,તા.૩

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા દર્દીના પુનઃર્વસન માટે ચલાવવામાં આવતા પ્રેરણા કાર્યક્રમમાં મ્યુઝિકલ કાર્યક્રમનું આયોજન સંસ્થા દ્વારા મહેસાણા રોટરી ભવન ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં દશ થી વધારે કલાકારો દ્વારા ડાયાલિસિસ ની સારવાર લેતા મિત્રોને પોતાની ...ાથી મનોરંજન આપ્યું હતું.

---

## ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા વિશ્વ કિડની દિવસની ઉજવણી કરવામાં આવી

### કિડની દિવસ નિમિત્તે કિડની જાગૃતિ રેલી, ચિત્ર સ્પર્ધા, સુલેખન સ્પર્ધા, અને લેબોરેટરી ટેસ્ટ કેમ્પનું આયોજન કરાયું



માર્ચ 22/03/2024
બાપા સીતારામ ટુર એન્ડ ટ્રાવેલ્સ
9727831355 / 90998 57337
૧૦ ટીકીટ બુકીંગ ઉપર એક ટીકીટ ફ્રી ફ્રી

---

સત્યપુંજ સાપ્તાહિક

બુધવાર તા.૧૩-૩-૨૦૨૪



## 'વિશ્વ કિડની દિવસ' નિમિત્તે ભાવનગરમાં માર્ગદર્શન હેતુ કાર્યક્રમો યોજાયાં - ઈન્ડિયા રિનલ ફાઉન્ડેશન દ્વારા ભાવનગર રેડ ક્રોસ અંતર્ગત થયેલું આયોજન

આપની પોતાની ન્યૂઝ ચેનલ સત્યપુંજ ને ... તથા ... કરો.
Satyapunj Live News
સત્યપુંજ સમાચાર
દરરોજ ના સમાચારો મેળવો આપના મોબાઇલ પર.

---

ભાવનગર સમાચાર

## આવતીકાલે વિશ્વ કિડની દિવસ નિમિત્તે જાગૃતિ રેલી - ચિત્ર સ્પર્ધા સહિતના કાર્યક્રમો યોજાશે

BREAKING NEWS

www.trailcode.com/downloads/bhavnagar
ટેક્નોલોજીના જમાનામાં..
વેબસાઈટ અત્યંત જરૂરી છે

---

## ભાવનગરમાં ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા વિશ્વ કિડની દિવસની ઉજવણી



(તસવીર : વિપુલ હિરાણી ભાવનગર)

---

## નગરનોંધ

### ચિત્ર સ્પર્ધા, રેલી

વિશ્વ કિડની દિવસ નિમીત્તે રી ફાઉન્ડેશન તથા ઈન્ડિયન રેડક્રો સોસાયટીની ભાવનગર જિલ્લા શાખા દ્વા તા.૧૪ ને ગુરૂવારે સવારે ૮-૩૦ થી ૧૦ ૩૦ તેજસ્વી સ્કૂલ ખાતે ચિત્ર સ્પર્ધા ત રેલીનો કાર્યક્રમ યોજાશે. રેલીને રીન ફાઉન્ડેશનના રોહિતભાઈ ભંડેરી, રેડક્રોસ સોસાયટીના ભાવ. જિલ્લા શાખા વાઈસ ચેરમેન સુમિતભાઈ ઠક્કર લી ઝંડી આપીને પ્રસ્થાન કરાવશે. ચિત્ર સ્પર્ધા સ્પર્ધકોને પ્રમાણપત્ર તેમજ વિજેતાઓ ઈનામો આપીને સ...

---

CityLife

## કિડનીના ક્ષેત્રમાં આવેલ નવા અપડેટ અંગે GMERSમાં સેમિનાર યોજાયો



વિશ્વ કિડની દિવસના હેતુને સાર્થક કરવા અને આવનારી નવી તબીબોની પેઢીને કિડનીના ક્ષેત્રમાં આવેલા નવા અપડેટ તેમજ નિદાન દ્વારા રોગની વહેલી ઓળખ અને ઉત્તમ સારવાર વિશે માહિતગાર કરવા માટે GMERS મેડિકલ કોલેજ, સોલા ખાતે ... કરવામાં આવ્યું હતું.

---

કિડનીના ક્ષેત્રમાં આવેલ નવા અપડેટ અંગે GMERSમાં સેમિનાર યોજાયો



વિશ્વ કિડની દિવસના હેતુને સાર્થક કરવા અને આવનારી નવી તબીબોની પેઢીને કિડનીના ક્ષેત્રમાં આવેલા નવા અપડેટ તેમજ નિદાન દ્વારા રોગની વહેલી ઓળખ અને ઉત્તમ સારવાર વિશે માહિતગાર કરવા માટે GMERS મેડિકલ કોલેજ, સોલા ખાતે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

---

ગુજરાત સમાચાર

## ગવર્મેન્ટ પોલિટેકનિક ખાતે કિડની જાગૃતિ કાર્યક્રમ



ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ગવર્મેન્ટ પોલિટેકનિક કોલેજ ખાતે કેમેસ્ટ્રી અને બાયોમેડિકલના સ્ટુડન્ટ્સ માટે કિડની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શહેરના જાણીતા યુરોલોજીસ્ટ દ્વારા કિડની અને કિડનીની પથરી વિષય પર માહિતી આપવામાં આવી હતી.

---

## ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા વિશ્વ કિડની દિવસની ઉજવણી કરવામાં આવી

### ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન ભાવનગર દ્વારા લોકો સુધી કિડની રોગ માહિતી અને જાગૃતિ લાવવાના પ્રયત્નો કરવા આવે છે



# આ ત્રિમાસિક સમયમાં મળેલ દાનની વિગતો

## મુખ્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રામભાઈ નાથભાઈ અમીન પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ | રૂ.૫૦,૦૦૦/– |
| શ્રી ગૌરાંગભાઈ ભટ્ટ, અમદાવાદ | રૂ.૨૫,૦૦૦/– |
| શ્રી વિરલ એચ. શાહ, અમદાવાદ | રૂ.૫,૦૦૧/– |
| શ્રી સુનિલભાઈ આઈ. પટેલ, અમદાવાદ | રૂ.૫,૦૦૦/– |
| શ્રી ચીનુભાઈ દોશી, વડોદરા | રૂ.૫,૦૦૦/– |

## Save a life કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ (શ્રી મહારાણી શાંતાદેવી ટ્રસ્ટ, વડોદરા) | રૂ. ૧,૫૦,૦૦૦/– |
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૧,૨૦,૦૦૦/– |
| નારાયણ પાવરટેક લિમિટેડ, વડોદરા | રૂ. ૯૦,૦૦૦/– |
| શ્રી પ્રમોદભાઈ પંચોલી, વડોદરા | રૂ. ૧૦,૦૦૦/– |
| શ્રી પ્રકાશભાઈ જલગાંવકર, અમદાવાદ | રૂ. ૨,૫૦૦/– |
| શ્રીમતી જીનલ અજય ચોક્સી, અમદાવાદ | રૂ. ૨,૫૦૦/– |

## પ્રેરણા કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી વિરેન્દ્રગિરિ ગોસાઇ, વડોદરા | રૂ. ૫,૦૦૦/– |
| શ્રી પરવેઝ મન્સૂરી, વડોદરા | રૂ. ૫,૦૦૦/– |

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન ૮૦ G હેઠળ ૫૦% કર રાહતને પાત્ર છે**

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન

B-૨૦૪, શપથ– ૪, કર્ણાવતી કલબની સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, અહમદાવાદ - ૩૮૦૦૫૧, ફો, ૦૭૯૪૦૦૨૭૮૮૪

વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨/ સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧/ રાજકોટ: ૯૨૨૨૭૨–૫૧૫૮૫/ મહેસાણા: ૮૫૧૧૧–૧૪૨૫૬/ ભાવનગર: ૮૫૧૧૧–૧૪૨૫૭/ ભુજ: ૮૫૧૧૧–૪૮૨૨૮/ હિંમતનગર: ૬૩૫૪૯–૧૯૬૬૭

E-mail: irf@indiarenalfoundation.org & indiarenalfoundation@gmail.com Visit us at: www.indiarenalfoundation.org

indianrenalfoundation Irfindia Indiarenalfoundation3521

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G